# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-09-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , નવા GST સુધારાથી શૈક્ષણિક ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડો થશે
2. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ એ ગુજરાત અને કેન્દ્રશાસિત પ્રદેશ દિવના બે સહિત 66 શિક્ષકોને રાષ્ટ્રી ્ય શિક્ષક પુરસ્કાર એનાયત કર્યા.
3. સ્ટેટ મોનિટરિંગ સેલ ની ટીમે 2300 કરોડથી વધુ રૂપિયાના માધુપુરા ક્રિકેટ સટ્ટા કેસના મુખ્ય આરોપી હર્ષિત જૈનને દુબઈથી ઝડપ્યો
4. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય હવાઈમથક SVPI પર અત્યાધુનિક સંકલિત કાર્ગો ટર્મિનલનો પ્રારંભ
5. દરેક ઘરને LPG પાઇપલાઇન પૂરું પાડનાર અમરેલી જિલ્લાનું ઈશ્વરિયા રાજ્યનું પ્રથમ ગામ બન્યું
6. આગામી 3 દિવસ રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM GST

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , નવા GST સુધારાથી શૈક્ષણિક ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડો થશે. અમદાવાદમાં રાજ્યકક્ષાના શિક્ષક પારિતોષિક સમારોહમાં શિક્ષકોને સંબોધન કરતાં તેમણે આ મુજબ જણાવ્યુ. શ્રી પટેલે કહ્યું , આ ઐતિહાસિક સુધારામાં શિક્ષણ ક્ષેત્રનું વિશેષ ધ્યાન રખાયું છે.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે રાજ્યના 30 શિક્ષકોનું 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક 'થી સન્માન કરાયું હતું અને પાંચ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્રો એનાયત કરાયા હતાં. શ્રી પટેલે શિક્ષકોને વિદ્યાર્થીઓના ખરા પથદર્શક બનવા અનુરોધ કર્યો. તેમણે ઉમેર્યું માતા-પિતા પછી શિક્ષકો જ બાળમાનસ પર ઊંડો પ્રભાવ પાડે છે.

# CM JAPAN DELEGATION

જાપાનના ઈવાટે પ્રીફેક્ચરના વાઇસ ગવર્નર શ્રીયુત સાસાકી જૂનના નેતૃત્વમાં JICAના પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી. શ્રી પટેલે જણાવ્યુ, ભારત-જાપાન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોથી રાજ્યમાં સેમિકન્ડક્ટર સેક્ટરમાં જાપાનના ઉદ્યોગોને વધુ પ્રોત્સાહન મળશે.

આ પ્રતિનિધિ મંડળ નવી દિલ્હીમાં યોજાયેલા સેમિકોન ઇન્ડિયા-2025માં સહભાગી થવા ભારત આવ્યું છે. તે દરમિયાન તેમણે રાજ્યમાં કાર્યરત જાપાનીઝ સેમિકોન ઇન્ડસ્ટ્રીઝનો મુલાકાત પ્રવાસ યોજ્યો.

# TEACHERS DAY-1

શિક્ષક દિવસ નિમિતે આજે નવી દિ લ્હીમાં રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુ એ 66 શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષકતરીકે સન્માનીત કર્યા. ત્યારે ખેડા જિલ્લાની વાવડી પ્રાથમિક

શાળાના સહાયક શિક્ષક હિરેન શર્માને પણ રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત કરાયા. દરમિયાન કેન્દ્ર સાશિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ અને દિવની ભેંસલોર શાળાના શિક્ષિકા ભાવિની દેસાઈ એ પણ રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારથી સન્માનીત થતાં પોતાની પ્રતિક્રિયા આપી

(Byte -ભાવિની દેસાઈ)

**નાણાંમંત્રી કનુ દેસાઈની અધ્યક્ષતામાં વલસાડ જિલ્લા - તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ યોજાયો. સુરતમાં વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલની અધ્યક્ષતામાં જિલ્લા અને તાલુકા કક્ષાના શ્રેષ્ઠ ૮ શિક્ષકો તેમજ રાજ્ય સરકારની વિવિધ પરીક્ષામાં ઉત્તીર્ણ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું . ભાવનગરમાં કેન્દ્રિયમંત્રી નિમુબેન બાંભણિયાના હસ્તે ૪ શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનિત કરાયા.**

જામનગરમાં કેબિનેટ મંત્રી રાઘવજી પટેલના હસ્તે 2 શ્રેષ્ઠ શિક્ષકો અને 15 વિદ્યાર્થીઓને પુરસ્કાર અપાયા હતા.

ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી-કુંકાવાવ-વડીયા વિસ્તારના ધારાસભ્ય કૌશિક વેકરીયાના અધ્યક્ષસ્થાને **જિલ્લા તથા તાલુકા કક્ષાએ પસંદગી થયેલા શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિક એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા.**

છોટા ઉદેપુર થી અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે જિલ્લા પંચાયત પ્રમુખ ના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં 11 શ્રેષ્ઠ શિક્ષકો નું સન્માન કરાયું હતું.

સાબરકાંઠામાં સાંસદ શોભાનાબેન બારૈયાના અધ્યક્ષસ્થાને યોજયેલા કાર્યક્રમ માં 6 શ્રેષ્ઠ શિક્ષકો નું સન્માન કરાયું હતું. કચ્છમાં જિલ્લા કક્ષા એ 4 અને તાલુકા કક્ષા એ 17 શ્રેષ્ઠ શિક્ષકો અને 15 વિધ્યાર્થીઓને સન્માનીત કરાયા હતા.

# SMC ACCUSED

સ્ટેટ મોનિટરિંગ સેલ-SMCની ટીમે 2300 કરોડથી વધુ રૂપિયાના માધુપુરા ક્રિકેટ સટ્ટા કેસના મુખ્ય આરોપી હર્ષિત જૈનને દુબઈથી ઝડપી લીધો છે. SMCના DIG નિર્લિપ્ત રાયે વધુ માહિતી આપતા જણાવ્યુ કે આ કેસમાં તપાસ શરૂ થતાં આ આરોપી દુબઈ જતો રહ્યો હતો ત્યારે તેની સામે લુકઆઉટ સર્ક્યુલર અને રેડ કોર્નર નોટિસ પણ કાઢવામાં આવી હતી. દુબઈ પોલીસે હર્ષિતને શોધી SMC સાથે સંકલન સાધીને તેને આજે ભારત મોકલ્યો હતો. ત્યારે SMCએ અમદાવાદ હવાઈમથક પરથી તેની કસ્ટડી મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

(બાઇટ : નિર્લિપ્ત રાય, DIG – SMC)

# SVPI CARGO

અમદાવાદ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય હવાઈમથક SVPI પર પર અત્યાધુનિક સંકલિત કાર્ગો ટર્મિનલ- ICT નો પ્રારંભ થયો છે. તેમાં 20 હજાર ચોરસ મીટરથી વધુ વિસ્તાર અને વાર્ષિક બે લાખ મેટ્રિક ટન સુધીના કાર્ગોનું સંચાલન કરી શકાશે. જેનાથી હાલના સેટ-અપની ક્ષમતામાં વધારો થઈ 50 હજાર મેટ્રિક ટન પ્રતિ વર્ષ થશે. ICTનો ઉદ્દેશ કાર્યક્ષમતા વધારવાનો અને કાર્ગોની અવરજવરમાં વિશ્વસનીયતા સુધારવાનો છે, જેનાથી SVPIA પર ઝડપી અને વધુ વિશ્વસનીય કાર્ગો પ્રોસેસિંગ થશે. ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં તેના વ્યાપક કેચમેન્ટ વિસ્તારોને પૂર્ણ કરાશે.

# ISHWARIYA LPG

અમરેલી જિલ્લાનું ઈશ્વરિયા દરેક ઘરને LPG પાઇપલાઇન પૂરું પાડનાર ગુજરાતનું પ્રથમ ગામ બન્યું છે , જેનાથી ગેસ સિલિન્ડર પર દાયકાઓથી ચાલી આવતી નિર્ભરતાનો અંત આવ્યો છે. અંદાજે 2 હજાર લોકો અને 400 પરિવારો ધરાવતું, ઈશ્વરિયા હવે પાઇપલાઇન દ્વારા અવિરત , 24 કલાક રસોઈ ગેસ પુરવઠો

મેળવે છે. ગામના સરપંચ બાબુભાઇ વામજાએ જણાવ્યુ , ગેસ પાઇપલાઇનથી સમય અને ખર્ચમાં રાહત મળી છે.

(બાઇટ : બાબુભાઈ વામજા, સરપંચ)

ગામના ગૃહિણીએ જણાવ્યુ , અગાઉ નવો સિલિન્ડર શોધવા માટે સંઘર્ષ કરવો પડતો હતો. હવે, પાઇપલાઇન ગેસ સાથે, તે સમસ્યાનો અંત આવ્યો છે.

(બાઇટ : ગૃહિણી)

# EID E MILADUNNABI

ઈસ્લામ ધર્મનાં પગંમ્બર હઝરત મોહમ્મદ રસૂલલાનાં જન્મદિવસ નિમિત્તે આજે ઈદે-મિલાદુન્નબીની ઉજવણી કરવામાં આવી. જે અંતર્ગત આજે અમદાવાદમાં ભવ્ય જુલૂસનું નીકળ્યું. જ્યારે જિલ્લામાં ઠેર ઠેર ભવ્ય જૂલૂસો નિકાળવામાં આવ્યા હતા , જેમાં હજારોની સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા. જૂલૂસ દરમ્યાન “મરહબા યા મુસ્તુફા"ના નારા ગુંજી ઉઠ્યા હતા. વહેલી સવારે મસ્જિદોમાં સલાતો-સલામ અને મિલાદ શરીફનો ગુંજરાવ ગુંજી ઉઠ્યો હતો તેમજ બાલ મુબારક અને કદમ મુબારકના દિદાર કરી સૌએ આંખોને રોશન કરી હતી.

# WEATHER FORECAST

આગામી ૩ દિવસ રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યાનુસાર આજે નવસારી , વલસાડ, ડાંગ, દમણ અને દાદરા નગર હવેલીમાં અતિભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના નિયામક ડો.એ.કે. દાસે જણાવ્યું હતું કે પોર્ટ પર LC ૩ સિગ્નલ જાહેર કરવામાં આવ્યું છે. માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

(બાઇટ : ડો.એ.કે.દાસ, નિયામક હવામાન વિભાગ)

# GUJARAT DAM

રાજ્યમાં સિઝનનો કુલ સરેરાશ 95 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. સાર્વત્રિક વરસાદના પરિણામે રાજ્યના 118 જળાશય હાઇએલર્ટ પર છે. રાજ્યની જીવાદોરી સમાન નર્મદા બંધ 90 ટકા ભરાયો છે. દરમિયાન ભરૂચમાં નર્મદા નદીનું જળસ્તર ભયજનક 24 ફૂટને પાર જતા સંભવિત પુરની પરિસ્થિતિને લઈને નિચાણવાળા વિસ્તારોમાં એલર્ટ કરવામાં આવ્યા છે. તાપી જિલ્લાના ઉકાઇ બંધમાંથી આજે એક લાખ 63 હજાર ક્યુસેક પાણી તાપી નદીમાં છોડાતા નદીની આસપાસના વિસ્તારને એલર્ટ કરાયા છે. દરમિયાન , છોટાઉદેપુર જિલ્લાના સુખી ડેમમાંથી 12 હજાર ક્યુસેક પાણી ભારજ નદીમાં છોડાયું.

# GUJARAT RAIN

રાજ્યના 116 તાલુકામાં આજે વરસાદ નોંધાયો છે. જેમાં અરવલ્લીના ધનસુરામાં સૌથી વધુ સાડા ચાર ઇંચ વરસાદ વરસ્યો છે. વલસાડના ધરમપુર , મહીસાગરના કડાણા તેમજ નવસારીમાં આજે બે ઇંચથી વધુ વરસાદ નોંધાયો. દીવ , સુરત સહિતના જિલ્લામાં પણ ભારે વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા. સુરતના માંગરોળમાં કીમ નદીના પાણી ખેડૂતોના ખેતરોમાં ઘૂસતા શેરડીનો પાક જમીન દોસ્ત થઈ ગયો. જ્યારે છોટા ઉદેપુરના કન્ટેશ્વર ગામ નજીક ઢાઢર નદીના પાણી ફરી વળતા કન્ટેશ્વર ગામ સંપર્ક વિહોણું બન્યું.